# પ્રકરણ : ૯

## અખબારી સ્વાતંત્રતા – મોરારજીભાઈના અંદાજમાં (૨)

**-કેરસી દેબુ**

મોરારજીભાઈ જયારે મુંબઈ રાજયના ગૃહપ્રધાન અને પછી મુખ્યમંત્રી બન્યા હતા. તે સમય એટલે કે આઝાદીના થોડા વર્ષ પૂર્વે અને આઝાદી બાદના શરૂઆતના વર્ષોમાં મોરારજીભાઈની કેટલીક નીતિ અને તેઓએ પસાર કરેલા કેટલાક વિવાદાસ્પદ કાયદાઓના કારણે મોરારજીભાઈની છાપાઓમાં ભારે ટીકા થતી. ખાસ કરીને દારૂબંધીની નીતિ તથા જમીન સુધારણાના કાયદાઓની છાપામાં ભારે ચર્ચા થતી અને અગ્રગણ્ય અંગ્રેજી છાપાંઓ સહિત નાના અખબારો પણ મોરારજીભાઈની ટીકા કરતા.

ભારતમાં બ્રિટીશ અમલ દરમ્યાન "ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ઈન્ડિયા એક્સપ્રેસ, હિન્દુસ્તાન ટાઈમ્સ, ધ હિન્દુ, આનંદ બજાર પત્રિકા, ધે ટેલીગ્રાફ, ધ સ્ટેટમેન્ટ" જેવા અંગ્રેજી છાપાંઓનું પ્રભુત્વ ભણેલા ગણેલા લોકોમાં વિશેષ વંચાતા. ભારતની જુદી જુદી ભાષાઓમાં પણ છાંપાઓ છપાવા લાગ્યા હતા.

૧૯૪૦-૫૦ ના દાયકામા ભારતમા 'ટેબલોઈડ' (અડધિયાં છાંપા) છાપાઓનો ઉદય થયો સાથે સાથે સંશોધાત્મક પત્રકારિત્વની શરૂઆત થઈ. મુંબઈથી 'બ્લીટઝ' નામનું અડધિયું છાપુ ૧૯૪૧ માં શરૂ થયું હતું. થોડા સમય પછી 'ધ કરંટ' નામે બીજું પખવાડિક શરૂ થયું હતું. ભારતની આ અખબારના તંત્રીઓ બ્લીટઝના રૂસી કરંજીયા અને ધ કરંટના ડી.એફ.કરાકા બંને લંડન સ્કુલ ઓફ જર્નાલીઝમમા ભણીને ભારત આવ્યા હતા અને અંગ્રેજી ભાષા પર સારૂં પ્રભુત્વ ધરાવતા હતા. પરદેશમા રહ્યા હોવાથી વિશ્વના અનેક નેતાઓને પણ મળી ચૂકયા હતા. તેઓની જીવન પધ્ધતિ પણ અંગ્રેજી હતી. લંડનમા ભણ્યા હોવા છતાં આર.કે. કરંજીયાની વિચારસરણી 'ડાબેરી' હતી. રશિયાની ક્રાંતિથી પ્રભાવિત હતા. બ્લીટઝની શરૂઆતના વર્ષોમાં છાપા સાથે જાણીતા લેખક કે.એ.અબ્બાસ (ખ્વાજા અહમદ અબ્બાસ) કાર્ટુનિસ્ટ આર.કે.લક્ષ્મણ અને અબુ અબ્રાહમ, કૈફી આઝમી, મજદૂર સુલતાનપુરી જેવા સિધ્ધહસ્ત લેખકો, શાયરો અને કાર્ટુનિસ્ટો જોડાયા હતા. જે તમામની વિચારસરણી ડાબેરી એટલે કે સામ્યવાદી હતી. આ તમામ લોકો કોંગ્રેસની વિચારસરણીના વિરોધી હતા. માર્કસ અને લેનિનથી પ્રભાવિત હતા.

મુંબઈ રાજયમા મોરારજીભાઈ દારૂબંધી દાખલ કરી ત્યારે મોટાભાગના છાપાંઓએ મોરારજીભાઈની ભારે ટીકા કરી. આ બધા અંગ્રેજી છાપાના તંત્રીઓ, લેખકો, કોલમીસ્ટો, કાર્ટુનિસ્ટો તમામ 'પ્રેસ કલબ' પર દારૂ પીતા પીતા લખવાની આદતવાળા હતા. મોરારજીભાઈ અને દારૂબંધીની ખૂબ જ આકરા શબ્દોમા આલોચના કરતા.

ભારતને આઝાદી મળી ગઈ પછી જવાહરલાલે ભારતને 'કોમન વેલ્થ' મા જોડાવાનો પ્રસ્તાવ કર્યો. ત્યારે અનેક છાપાઓએ નહેરૂના આ પગલાંને અંગ્રેજોના સમર્થક હોવાનું લેબલ લગાડી દીધું. એક મુશાયરામા મજરૂર સુલતાનપુરીએ જવાહરલાલને સંબોધીને એક રચના લલકારી.

"મન મેં જહર ડૉલર કે બસા કે, ફિરતી હૈ ભારત કી અહિંસા,
ખાદી કી કેંચુલ કો પહનકર, યે કેંચુલ લહરાને ન પાયે,
અમન કા ઝંડા ઈસ ધરતી પર, કિસને કહા લહરાને ન પાયે,
યે ભી કોઈ હિટલર કા હૈ ચેલા, માર લો સાથી જાને ન પાયે,
કોમનવેલ્થ કા દાસ હૈ નેહરૂ, માર લે સાથી જાને ન પાયે."

આ બનાવ મુંબઈમા બન્યો હોવાથી મુંબઈ રાજયના ગૃહપ્રધાન તરીકે મોરારજીભાઈ દેસાઈએ મજરૂર સુલતાનપુરી સામે પોલીસ ફરિયાદ દાખલ કરી અને માફી માંગવા અથવા બદનક્ષીના કાયદા હેઠળ કોર્ટમાં રજુ થવા નોટીસ પાઠવી.

મઝરૂહે માફી માંગવાનો ધરાર ઈન્કાર કર્યો. કોર્ટમા હાજર પણ ન થયા અને કોર્ટે મઝરૂહને બે વર્ષની કેદની સજા ફરમાવી.

મઝરૂહ ભૂગર્ભમા ઉતરી ગયા પરંતુ થોડા સમય બાદ એક મુશાયરામા ઉપસ્થિત થતાં ત્યાં તેઓની ધરપકડ કરવામાં આવી અને આર્થર રોડ જેલમાં લઈ જવામાં આવ્યા. સરકારના આ પગલાંમા છાપાઓમા ભારે ટીકા થઈ. મોરારજીભાઈને દંભી અને વાણી સ્વાતંત્રતાના વિરોધી ગણાવ્યા. આખરે સરકારે નમતુ જોખી એકાદ વર્ષની સજા કાપ્યા બાદ મઝરૂહને મુકત કર્યા પરંતુ મોરારજીભાઈની છબી અખબારોમા ખૂબ જ ટીકાત્મક બની રહી.

જે રીતે મોરારજીભાઈની દારૂબંધીની છાપાઓમા આલોચના થતી તે રીતે મોરારજીભાઈની સ્વમૂત્ર ચિકિત્સાની પણ આકરી ટાકા થતી. કાર્ટુનીસ્ટો મોરારજીભાઈ પર આ વિષ્ય પર કાર્ટુનો દોરતા કે હાસ્યલેખકો, હાસ્ય લેખો લખતા. શાયરો મહેફીલમા મોરારજીભાઈની મજાક ઉડાવતા. એક શાયરે મોરારજીભાઈ માટે મુશાયરામા એક રચના ઉચ્ચારી જેમા મોરારજી ભાઈનું નામ લીધા વગર લખ્યું હતું.

“આજ વો મૂત પીતા હૈ...
કલ ટટ્ટીભી ખાયેગા..”

સ્વાભાવિક રીતે મોરારજીભાઈ ગુસ્સે થાય પરંતુ કયાં પણ આખી વાતમા મોરારજીભાઈનું સીધું નામ આવતું ન હોવાથી તેઓ સાથે પગલાં ભરી શકાયા નહિ.

મુંબઈથી પ્રકાશિત થતા ડી.એફ.કરાકાના કરન્ટ ટેબલોઈડમા દારૂબંધી અને અન્ય કારણોસર મોરારજીની ટીકા થતી. તોલારામ નામના એક ફોટોગ્રાફરે મોરારજીભાઈ ગુસ્સામાં હોય તેવો એક ફોટો કરન્ટના કરાકાને આપેલો જે ફોટો કરન્ટમા છપાયો અને ફોટા અંગે સારી કોમેન્ટ લખી મોકલનાર માટે ઈનામ પણ રાખ્યું.

જી.એસ.ભાર્ગવ નામના યુવાને જાણીતા અંગ્રેજ કવિ ઓલીવર ગોલ્ડસ્મિથની કવિતા “Village School Master” માંથી કેટલીક પંક્તિ લખી.

“And still they gazed and still the wonder grew,
How that small head could cany all he knew”

આ ‘કેપ્સન’ લખનાર કરન્ટનું ઈનામ જીતી ગયા.

(આ ઈનામ જીતનાર જી.એસ.ભાર્ગવ નવોદિત લેખક તરીકે શરૂઆતમા મોરારજીભાઈના આલોચક હતા અને પાછળથી પ્રશંસક બન્યા હતા અને મોરારજીભાઈની આત્મકથા “Morarji Desai, Prime Minister of India” લખી હતી.)

કરન્ટના આ બનાવથી સ્વાભાવિક રીતે મોરારજી ગુસ્સે થાય અને ફોટો છાપાને આપનાર તોલારામ ભાઈને ખુલાસો કરતા નાકે દમ આવ્યો હતો.

તોલારામ મોરારજીભાઈને મળવા માટે રૂબરૂ ગયા અને ખુલાસો કર્યો.